P.07
ગુજરાતનું વિશ્વસનીય દૈનિક
# લોક પત્રિકા
www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673
તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૩૩૮ । વિક્રમ સંવત ૨૦૮૧ : અષાઢ વદ ૦૨ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)
Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 338 • Dt.12-07-2025 Saturday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125



P.07
ક્રિશ ફોર પ્રિયંકા ચોપરાની બોલીવૂડમાં કમબેક ફિલ્મ હશે



P.07
શિલ્પા શેટ્ટીએ મરાઠી ભાષાના વિવાદ પર ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો

ટેક્સાસના પૂરનો મૃત્યુઆંક વધીને ૧૨૦ : હજારો લોકોએ શ્રદ્ધાંજલિ આપી
07



12
JULY- 2025
SATURDAY



07
પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં આતંકવાદી હુમલો, ૯ લોકોને બસમાંથી ઉતારી ગોળી મારી

**રાજ્યના ૩૮ જળાશયો માટે હાઇ એલર્ટ**

## સરદાર સરોવર સહિત રાજ્યના ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૫૪ ટકા જળ સંગ્રહ થયો

# ગુજરાત રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ ૪૭ ટકાથી વધુ વરસાદ

### મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં સૌથી વધુ ૬૨.૮૩ ટકા જળ સંગ્રહ, સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૬૨.૩૭ ટકા જળ સંગ્રહ, કચ્છના ૨૦ જળાશયોમાં ૫૬.૦૭ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૫૫.૬૭ ટકા જ્યારે ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૪૬.૭૯ ટકા જળ સંગ્રહ ઉપલબ્ધ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૦ ।

રાજ્યમાં ચોમાસાની ઋતુમાં સાર્વત્રિક મેઘમહેરના પરિણામે હાલની સ્થિતિએ સરદાર સરોવર સહિત રાજ્યના ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૫૪ ટકા જળ સંગ્રહ થયો છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહ શક્તિના ૪૯.૪૨ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. ગત વર્ષે આ સમયે એટલે કે,૧૧ જુલાઈ-૨૦૨૪એ રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૩૯.૫૫ ટકા જળ સંગ્રહ હતો. વધુમાં મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં સૌથી વધુ ૬૨.૮૩ ટકા જળ સંગ્રહ, સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૬૨.૩૭ ટકા જળ સંગ્રહ, કચ્છના ૨૦ જળાશયોમાં ૫૬.૦૭ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૫૫.૬૭ ટકા જ્યારે ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૪૬.૭૯ ટકા જળ સંગ્રહ ઉપલબ્ધ છે. આમ સરદાર સરોવર સિવાય રાજ્યના ૨૦૬ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૫૬.૭૬ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યમાં હાલમાં ચોમાસાની ઋતુમાં સૌથી વધુ કચ્છમાં સરેરાશ ૫૭ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૫૨.૧૮ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૭.૦૧ ટકા, પૂર્વ મધ્યમાં ૪૫.૯૦ ટકા જ્યારે ઉત્તર ગુજરાતમાં ૪૨.૦૮ ટકા સરેરાશ વરસાદ થયો છે. જેના ફળ સ્વરૂપે રાજ્યના ૨૪ જળાશયો ૧૦૦ ટકાથી વધુ, ૫૪ જળાશયો ૭૦થી ૧૦૦ ટકાની વચ્ચે, ૪૪ જળાશયો ૫૦થી ૭૦ ટકાની વચ્ચે જ્યારે ૪૦ જળાશયો ૨૫થી ૫૦ ટકાની વચ્ચે ભરાયા છે.



રાજ્યના ૩૮ જળાશયો માટે હાઈ એલર્ટ, ૨૦ જળાશયો માટે એલર્ટ જ્યારે ૨૦ જળાશયો માટે વોર્નિંગ જાહેર કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ભારે વરસાદના કારણે રાજ્યમાં હાલની સ્થિતિએ વડોદરા જિલ્લામાં બે સ્ટેટ હાઈવે અને છોટાઉદેપુર તાલુકામાં માત્ર એક નેશનલ હાઈવે સિવાય બાકીના તમામ રોડ રસ્તા ચાલુ છે. આ બંધ રોડ પણ બનતી ત્વરાએ ચાલુ કરાશે.

**ચોમાસાના સમય સાથે કુલ છ મહીનામાં હયાત હાટકેશ્વરબ્રિજ કંપની દ્વારા તોડી પાડવામાં આવશે**

# ૪૦ કરોડના ખર્ચે બનાવાયેલો હાટકેશ્વરબ્રિજ ત્રણ કરોડના ખર્ચે છ મહીનામાં જમીનદોસ્ત કરી નંખાશે

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૦ ।

રૂપિયા ૪૦ કરોડના ખર્ચે અજય ઈન્ફ્રાકોન દ્વારા હાટકેશ્વરબ્રિજ બનાવાયો હતો. ૧૫૦૦થી પણ વધુ દિવસથી બંધ એવા આ બ્રિજને રુપિયા ૩.૯૦ કરોડના ખર્ચથી છ મહીનામાં જમીનદોસ્ત કરી નંખાશે. મુંબઈ સ્થિત શ્રી ગણેશ કન્સ્ટ્રકશનને હયાતબ્રિજ તોડવા કામગીરી અપાઈ છે.બ્રિજ તોડયા પછી સ્ટીલ સહીતની અન્ય ચીજના વેચાણથી થનારી આવક કોન્ટ્રાકટર લઈ જશે.હયાતબ્રિજ તોડયા પછી આ સ્થળે નવો બ્રિજ બનાવવા કોઈ આયોજન કરાશે નહીં.મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હયાત હાટકેશ્વરબ્રિજને તોડી પાડવા રુપિયા ૯.૩૧ કરોડનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યુ હતુ. આ કામગીરી કરવા ત્રણ કંપની કવાલીફાય થઈ હતી. કોર્પોરેશન તરફથી ટેકનીકલ ઈવેલ્યુએશન પછી બ્રિજ તોડવા મુકેલા અંદાજ કરતા પણ ઓછા ભાવ ગણેશ કન્સ્ટ્રકશન દ્વારા ભરવામા આવ્યા હોઈ કયા કારણથી આ કંપનીએ ઓછા ભાવ ભર્યા એ અંગે અધિકારીઓ દ્વારા પુછપરછ કરાઈ હતી.કંપની તરફથી એવો જવાબ અપાયો હતો કે,બ્રિજ તોડવા રૂપિયા ૩.૯૦ કરોડનો ખર્ચ થાય એમ હોવાનુ તેમના ઈન્સપેકશન દરમિયાન ધ્યાનમાં આવેલુ છે. ઉપરાંત બ્રિજ તોડવાની કામગીરી દરમિયાન નીકળનાર મટીરીયલમાંથી અંદાજે રૂપિયા ચાર કરોડ જેટલી આવક થવાની સંભાવના છે. ચોમાસાના સમય સાથે કુલ છ મહીનામાં હયાત હાટકેશ્વરબ્રિજ આ કંપની દ્વારા તોડી પાડવામાં આવશે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગદાણીએ કહયુ, હયાત હાટકેશ્વરબ્રિજને તોડયા પછી આ સ્થળે નવો બ્રિજ બનાવાશે નહીં.


વીજળીના બિલને કરો (0)

Navkalp SOLAR
Since 2013
it's time to save

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર







ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની

Help Line
+91 93 77 51 77 52



શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત
કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર
Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University

KAMLA AMRUT INSTITUTE OF NURSING



પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪

B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ
- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ ક્લાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367

આ વર્ષે ૧ થી ૭ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન

## ગુજરાતના અંબાજીમાં ભાદરવી પૂનમનો મહામેળો યોજાશે

**ભાદરવી પૂનમના મહામેળામાં દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ પહોંચે છે । જેમાં મોટાભાગે પગપાળા યાત્રાળુઓ હોય છે**

। પ્રતિનિધિ, અંબાજી,તા.૧૧ ।

ગુજરાતના બનાસકાંઠામાં અંબાજી ખાતે દર વર્ષે ભાદરવી પૂનમ નિમિતે પરંપરાગત મેળાનું આયોજન થાય છે, જેમાં દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓની ભીડ ઉમટી પડે છે. જેમાં મોટાભાગે પગપાળા યાત્રાળુઓ હોય છે. ત્યારે આ વર્ષે ૧ થી ૭ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન અંબાજીમાં ભાદરવી પૂનમનો મહામેળો યોજાશે. આ વર્ષે પણ આ ભવ્ય મેળામાં મોટી સંખ્યામાં યાત્રાળુઓ પહોંચે તેવી શક્યતા છે. ત્યારે અગાઉથી જ આ મહામેળાના આયોજનને લઈને તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.અંબાજી ખાતે આ વર્ષે યોજાનાર ભાદરવી પૂનમ મહામેળા આયોજનને લઈને કલેકટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ. આ બેઠકમાં યાત્રિકોની સલામતિ, ક્રાઉડ મેનેજમેન્ટ, સ્વચ્છતા, સેનિટેશન, આરોગ્ય, પીવાનું પાણી સહિતની બાબતોનું આયોજન કરવા સૂચન કરવામાં આવ્યું. સાથે જ એવી સૂચનાઓ પણ આપ વામાં આવી કે મેળાની તૈયારીઓનો લાભ છેવાડાના પદયાત્રી સુધી પહોંચી શકે તે મુજબની વ્યવસ્થા કરવામાં આવે.ભાદરવી પૂનમના મહામેળામાં યાત્રાળુઓની સુવિધાઓમાં મોટાપાયે વધારો કરવામાં આવનાર છે. આ બેઠકમાં શ્રદ્ધાળુઓ માટે બસની વ્યવસ્થા, રોકાણ અને ભોજન વ્યવસ્થા અંગે પણ ચર્ચા કરવામાં આવી. તો સાથે જ



પાર્કિંગની વ્યવસ્થા, સ્વાસ્થ્ય સુવિધાઓ, સ્વચ્છતા, કાયદો-વ્યવસ્થા, ટ્રાફિક નિયમન અંગે પણ ચર્ચા થઈ.“આગામી ૧ સપ્ટેમ્બર ૨૦૨૫થી ૭ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી શક્તિપીઠ અંબાજી ખાતે ભાદરવી પૂનમ મહામેળાનું આયોજન થવાનું છે. આ આયોજન સંદર્ભે આજે જિલ્લાકક્ષાના તમામ અધિકારીઓ સાથે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું. મેળામાં આવનાર તમામ ભક્તો અને શ્રદ્ધાળુને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે એ માટે આ વર્ષે અંદાજિત ૨૮ જેટલી સમિતિઓની રચના કરવામાં આવી છે. સફાઈ, કાયદો અને વ્યવસ્થા, વિસામો, ભોજન, ગબ્બર અને અંબાજી મંદિર ખાતે દર્શન સહિત જી બસોનું સંચાલન તથા અન્ય તમામ આનુસંગિક સુવિધાઓની વ્યવસ્થાના આગોતરા આયોજન માટે આજે પ્રથમ બેઠક જિલ્લા કલેકટર કચેરી, પાલનપુર ખાતે રાખવામાં આવી હતી.” ગુજરાતના બનાસકાંઠામાં અંબાજી ખાતે દર વર્ષે ભાદરવી પૂનમ નિમિતે પરંપરાગત મેળાનું આયોજન થાય છે.

## વડોદરામાં આજવા રોડના મકાનમાંથી નશીલી સીરપ અને ટેબલેટના જથ્થા સાથે કેરિયર ઝડપાયો

। પ્રતિનિધિ, સુરત, તા.૧૦ ।

વડોદરાના આજવા રોડ વિસ્તારમાં પોલીસે એક મકાનમાં દરોડો પાડી નશાકારક દવાઓનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આજવા રોડના દત્તનગર ખાતે રહેતા લખનસિંગ મગનસિંગ સીકલીગરને ત્યાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે દરોડો પાડતા પલંગ નીચેથી એક થેલીમાંથી નશાકારક દવાઓનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ, આ થેલીમાંથી ૧૨૬૫ અલ્પ્રાઝોલમ ટેબલેટ્સ, ૧૨૫ ટ્રેમાંડોલ ટેબ્લેટ્સ, ૧૫ નાઈટ્રાઝેપમ અને કોડીન સીરપ અને મોબાઈલ મળી રૂ.૧૦ હજાર ઉપરાંતની મત્તા કબજે કરવામાં આવી હતી. આ અંગે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોધી કાર્યવાહી કરવામાં આવી રહી છે. વડોદરા પોલીસે મકાનમાં દરોડો પાડી નશાકારક દવાઓનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

## વડોદરામાં ગોરવાની ફાતિમા હાઈટ્સ નજીક અને ફતેગંજમાં બે સ્થળે જુગાર પર દરોડા

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૧ ।

વડોદરાના પોલીસે ગઈકાલે જુદી જુદી બે જગ્યાએ દરોડા પાડી જુગાર રમતા ૧૩ જણાને ઝડપી પાડ્યા હતા. ગોરવા વિસ્તારમાં ફાતિમા હાઈટ્સ પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતો હોવાની વિગતોને પગલે ગોરવા પોલીસે દરોડો પાડતા નાસભાગ મચી હતી. પરંતુ જુગારીઓ ભાગવામાં સફળ રહ્યા ન હતા. પોલીસે તેમની પાસેથી રોકડ રકમ અને ૧૦ મોબાઈલ મળી રૂ.૧.૧૯ લાખની મતા કબજે કરી હતી.આવી જ રીતે ફતેગંજ પોલીસે ગણપતિ ચોકડી જોગણી માતાના મંદિર પાસે જાહેરમાં જુગાર રમતા ત્રણ જણાને ઝડપી પાડી રૂ.૧૦ હજાર ઉપરાંતની મત્તા કબજે કરી હતી. ૧૩ પકડાયા વડોદરાના પોલીસે ગઈકાલે જુદી જુદી બે જગ્યાએ દરોડા પાડી જુગાર રમતા ૧૩ જણાને ઝડપી પાડ્યા હતા. ગોરવા વિસ્તારમાં ફાતિમા હાઈટ્સ પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતો હોવાની વિગતોને પગલે ગોરવા પોલીસે દરોડો પાડતા નાસભાગ મચી હતી.

## વડોદરાની માધ્યમિક સ્કૂલની વિદ્યાર્થીનીઓને સેલ્ફ ડિફેન્સની તાલીમ અપાઈ



। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૧ ।

વડોદરામાં ફરી એકવાર વિદ્યાર્થીનીઓને આત્મ રક્ષણ માટે તાલીમ આપવામાં આવી છે. વડોદરા શહેર પોલીસની શી ટીમના મેમ્બર શિલ્પાબેન દવે દ્વારા જુદી જુદી શાળાઓમાં વિદ્યાર્થીનીઓને સેલ્ફ ડિફેન્સ માટે તૈયાર કરવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીનીઓએ છેડતી કરનારાઓ કે હુમલાખોરોનો કઈ રીતે મુકાબલો કરવો તે શીખવવામાં આવે છે.રેસકોર્સ જીઈબી ખાતેની સ્કૂલમાં આવી જ રીતે ૧૫૦ વિદ્યાર્થીનીઓને વિનામૂલ્યે તાલીમ આપવામાં આવી હતી અને ત્યારબાદ તેઓને પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીનીઓને કહેવાયું હતું કે, તમારું રક્ષણ તમારે પોતાએ જ કરવું પડશે. કોઈની મદદ પર આશા રાખશો ત્યારે તમને મદદ ના મળી શકે તેમ પણ બની શકે.

ભંગારના વેપારીને ત્યાથી ધોરણ ૧થી ૮ના ૫૦૦૦ સરકારી પાઠ્ય પુસ્તકનો મોટો જથ્થો મળી આવ્યો હતો

## વિનામૂલ્યે મળતા સરકારી શાળાના પુસ્તકો પસ્તીમાં? અમદાવાદમાં કોંગ્રેસ-આપએ કૌભાંડનો પર્દાફાશ કર્યો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૧ ।

રાજ્યની સરકારી શાળામાં વિદ્યાર્થીઓને અપાતા પુસ્તકોનો અભાવ જોવા મળી રહ્યો છે. આ દરમિયાન અમદાવાદમાંથી સરકાર દ્વારા વિનામૂલ્યે આપવામાં આવતા પુસ્તકો ભરેલી ટ્રક ઝડપાઈ છે. આ ટ્રક આપ અને કોંગ્રેસ કાર્યકર્તાઓએ ઝડપી પાડ્યો છે. હાલ આ મામલે શિક્ષણ વિભાગ દ્વારા અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીને તપાસ સોંપવામાં આવી છે.મળતી માહિતી અનુસાર, અસારવાની એક શાળામાંથી રાજ્ય સરકારના નવા પુસ્તકો ટ્રક મારફતે બીજા રાજ્યમાં સગેવગે કરાતા હોવાની કૌભાંડનો પર્દાફાશ થયો છે. આપ અને કોંગ્રેસ કાર્યકર્તાઓએ પસ્તીમાં જતા વિવિધ



ધોરણના પુસ્તકો ભરેલી ટ્રક ઝડપી પાડી છે. જ્યારે કોંગ્રેસ કાર્યકર્તાઓએ જ્યારે આ મામલે ટ્રકચાલકની પૂછપરછ કરી તો તેમણે ગોળ-ગોળ જવાબ આપ્યો હતો.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, પુસ્તકો ભરેલ ટ્રક પંજાબ જઈ રહી છે અને કેટલાક શખસો દ્વારા ત્યાંના કોઈ ભંગારના ગોડાઉનમાં નવા પુસ્તકો પસ્તીમાં આપવાની હતી. સમગ્ર મામલે કોંગ્રેસ કાર્યકર્તાએ ટ્રક ઝડપી સ્થાનિક પોલીસને જાણ કરી હતી. ઉલ્લેખનીય છે કે, અરવલ્લી જિલ્લામાં માલપુરના એક ભંગારના વેપારીને ત્યાથી ધોરણ ૧થી ૮ના ૫૦૦૦ સરકારી પાઠ્ય પુસ્તકનો મોટો જથ્થો મળી આવ્યો હતો. મહીસાગર જિલ્લાના ખાનપુર પંથકમાંથી ભંગારના વેપારીએ સરકારી પુસ્તકોનો જથ્થો ખરીદી કર્યો હોવાનું અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું. આ મામલે અરવલ્લી જિલ્લા શિક્ષણ અધિકારીએ જણાવ્યું હતું કે, ‘આ અંગે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી દેવામાં આવી છે અને રિપોર્ટ કરવામાં આવ્યો છે.’રાજ્યની સરકારી શાળામાં વિદ્યાર્થીઓને અપાતા પુસ્તકોનો અભાવ જોવા મળી રહ્યો છે. આ દરમિયાન અમદાવાદમાંથી સરકાર દ્વારા વિનામૂલ્યે આપવામાં આવતા પુસ્તકો ભરેલી ટ્રક ઝડપાઈ છે. આ ટ્રક આપ અને કોંગ્રેસ કાર્યકર્તાઓએ ઝડપી પાડ્યો છે.

## જામનગરમાં ૮૦૦ ગ્રામ ગાંજા સાથે એક શખ્સને એસઓજી પોલીસે પકડ્યો

। પ્રતિનિધિ, જામનગર, તા.૧૧ ।

જામનગરના સાત રસ્તા સર્કલ પાસે આવેલી જાડાના બિલ્ડીંગ નજીકથી ગઈકાલે સાંજે એસઓજીની ટીમે ધરારનગર-૨માં રહેતા મૂળ સુરજકરાડીના શખ્સને ૮૦૦ ગ્રામ ગાંજા સાથે પકડી પાડ્યો છે. આ શખ્સ રાજકોટથી તે જથ્થો વેચાણ માટે લાવ્યો હોવાની કબૂલાત કરી છે.જામનગરના સાત રસ્તા સર્કલ પાસે એક શખ્સ ગાંજાના જથ્થા સાથે આવ્યો હોવાની બાતમી સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના સ્ટાફને મળતાં પીઆઈ બી.એન. ચૌધરીની રાહબરી હેઠળની ટુકડીએ એક શખ્સને શકના આધારે રોકીને તલાશી લેતાં હાલ જામનગરના ધરારનગર-૨માં વસવાટ કરતા મૂળ સુરજકરાડીના વતની મુઝફરખાન અનવરખાન પઠાણ નામના શખ્સ પાસેથી ૮૦૦ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. આથી અંદાજે રૂ.આઠેક હજારની કિંમતના ગાંજાને કબજે કરી એસઓજીએ આ શખ્સની પૂછપરછ કરતાં તેણે ઉપરોક્ત જથ્થો રાજકોટના એક શખ્સ પાસેથી વેચવા માટે લીધો હોવાની કબૂલાત આપી છે. એસ.ઓ.જી.એ મુઝફરખાનનો મોબાઈલ પણ કબજે કરી લઈ તેની સામે સિટી બી.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુન્હો દાખલ કરાવ્યો છે.

## ભરૂચમાં મહિલાનો મૃતદેહ મળ્યો, પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૧૧ ।

ભરૂચ જિલ્લાના કોંઢ ગામ નજીક મહિલાનો મૃતદેહ મળતા ભારે ચકચાર મચી છે. સિલુડી ગામ તરફ જવાના રોડ પર આવેલાં એક નાળા નીચથી મહિલાનો લોહી લુહાણ હાલતમાં મૃતદેહ મળ્યો હતો. મૃતકના ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા માર્યાના નિશાન જોવા મળ્યો છે. આ ઘટનાની જાણ થતા વાલિયા પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર, નાળા નીચથી અજાણી મહિલાનો મૃતદેહ મળતા તર્ક-વિતર્ક સર્જાયા છે. હાલ પોલીસે મૃતદેહ પર કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલ્યો છે. મહિલાની હત્યા કરાઈ હોવાની પ્રાથમિક માહિતી મળી છે. ગળાના ભાગે હથિયારના ઘા માર્યા હોય તેવા નિશાન જોવા મળ્યા છે. પોલીસે અલગ-અલગ ટીમ બનાવીને મહિલાની ઓળખ મેળવવાની કામગીરી શરૂ કરી છે. આ ઉપરાંત મૃતક મહિલા અંગે માહિતી મળે તો પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા સૂચના આપી છે. ભરૂચ જિલ્લાના કોંઢ ગામ નજીક મહિલાનો મૃતદેહ મળતા ભારે ચકચાર મચી છે. સિલુડી ગામ તરફ જવાના રોડ પર આવેલાં એક નાળા નીચથી મહિલાનો લોહી લુહાણ હાલતમાં મૃતદેહ મળ્યો હતો. મૃતકના ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા માર્યાના નિશાન જોવા મળ્યો છે.



### અમદાવાદના નારાયણા કોચિંગ સેન્ટર ખાતે આયોજિત ભવ્ય સમારોહ

# નારાયણા ગ્રુપે એનએસએટી ૨૦૨૫ ની ૨૦મી આવૃત્તિ લોન્ચ કરી, જેમાં ૫૧ કરોડની શિષ્યવૃત્તિ અને ઇનામોનો રેકોર્ડ બ્રેક સમાવેશ

**૨ દાયકાઓથી ભારતભરમાં શૈક્ષણિક પ્રતિભાઓ ના સિંચન તથા માર્ગદર્શન બાદ એનએસએટી ૨૦૨૫ યુવા વર્ગ માં શૈક્ષણિક તકો વધારવા માટે નારાયણાની પ્રતિબદ્ધતાનું પ્રતિનિધિત્વ કરે છે**

। પ્રતિનિધિ, અમદાવાદ, ૧૧ ।

જુલાઈ ૨૦૨૫- ૪૬ વર્ષની શૈક્ષણિક શ્રેષ્ઠતા સાથે ભારતની અગ્રણી શૈક્ષણિક સંસ્થા, નારાયણા ગ્રુપે ૧૧ જુલાઈ ૨૦૨૫ ના રોજ અમદાવાદના નારાયણા કોચિંગ સેન્ટર ખાતે આયોજિત એક ભવ્ય સમારોહમાં નારાયણા સ્કોલાસ્ટિક એપ્ટિટ્યુડ ટેસ્ટ (NSAT) ૨૦૨૫ની ૨૦મી આવૃત્તિ સફળતાપૂર્વક લોન્ચ કરી. આ ઘટના એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ બની કારણ કે નારાયણા તેની અત્યાર સુધીની સૌથી મોટી અને સૌથી મહત્વાકાંક્ષી NSAT આવૃત્તિ સાથે પરત ફરે છે, જેમાં વિશેષ રીતે ₹૫૦ કરોડની શિષ્યવૃત્તિ તથા ₹૧ કરોડના રોકડ ઈનામ આપવામાં આવશે.

ગત ૨ દાયકાઓથી ભારતભરમાં શૈક્ષણિક પ્રતિભાઓ ના સિંચન તથા માર્ગદર્શન બાદ NSAT ૨૦૨૫ યુવા વર્ગ માં શૈક્ષણિક તકો વધારવા માટે નારાયણાની પ્રતિબદ્ધતાનું પ્રતિનિધિત્વ કરે છે. શૈક્ષણિક સમુદાયના પ્રખ્યાત શિક્ષણવિદો, મીડિયા પ્રતિનિધિઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ અને નારાયણા ગ્રુપના અધિકારીઓ આ સીમાચિહ્નરૂપ ઘટનાના સાક્ષી બન્યા તથા આ લોન્ચ સમારોહને



જબરદસ્ત પ્રતિસાદ આપ્યો.

ડો. પી. પ્રમીલા, શ્યામ ભૂષણ (નેશનલ હેડ - કોચિંગ સેન્ટર) અને રાકેશ કુમાર યાદવ (વાઈસ પ્રેસિડેન્ટ તથા પ્રોડિજી હેડ) ની હાજરીએ આ સીમાચિહ્નરૂપ આવૃત્તિની મહત્તા પર ભાર મૂક્યો. આ કાર્યક્રમની ટેગલાઈન, “હાલો! સાથે મળીને,વિદ્યાર્થીઓના ભવિષ્યને ઘડીએ !”, નારાયણાના શિક્ષણ પ્રત્યેના સહયોગી અભિગમને સંપૂર્ણ રીતે રજૂ કરે છે, જે વિદ્યાર્થીઓ, માતાપિતા, શિક્ષકો અને વ્યાપક સમુદાયને શૈક્ષણિક શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે એકસાથે લાવે છે.

લોન્ચ ઈવેન્ટ પર બોલતા, મુખ્ય અતિથિ ડૉ. પી. પ્રમીલાએ જણાવ્યું હતું કે, “NSAT વિદ્યાર્થીઓની ક્ષમતાઓને ઓળખવા તથા તેને ઉછેરવા માટે એક શક્તિશાળી સાધન તરીકે કામ કરે છે. કરોડો રૂપિયાની શિષ્યવૃત્તિ થકી આ પરીક્ષા શૈક્ષણિક શ્રેષ્ઠતા માટે નોંધપાત્ર પ્રેરણારૂપ તરી આવે છે. તેથી આ ચોક્કસપણે એક એવી પરીક્ષા છે જેમાં ઘણું પ્રોત્સાહન છે, વિદ્યાર્થી સમુદાયમાંથી ઘણા તેજસ્વી તારલાઓ ઉભરી આવે છે તથા મેળવેલ શિષ્યવૃત્તિ દ્વારા તેમના માતા પિતાને બાળકો ને ઉચ્ચકોટિનું શિક્ષણ અપાવવા માં ઘણી મદદ થાય છે, અને સિસ્ટમમાં તેજસ્વી વિદ્યાર્થીઓ હોવા બદલ સંસ્થાને પણ ફાયદો થાય છે.”

આ પર સમાન લાગણીઓ વ્યક્ત કરતા, રાકેશ કુમાર યાદવ (વાઈસ પ્રેસિડેન્ટ અને પ્રોડિજી હેડ) એ જણાવ્યું કે “NSAT ૨૦૨૫ એક win-win situationનું પ્રતિનિધિત્વ કરે છે જે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરે છે, પરિવારોને આર્થિક રીતે ટેકો આપે છે, અને અમારી સંસ્થાને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ઓળખવા તથા અમારા શૈક્ષણિક અભ્યાસક્રમમાં શામેલ કરવા સક્ષમ બનાવે છે.”

નારાયણાના શૈક્ષણિક શ્રેષ્ઠતાના સાબિત થયેલા ટ્રેક રેકોર્ડ પર પ્રકાશ પાડતા, શ્યામ ભૂષણ (નેશનલ હેડ - કોચિંગ સેન્ટર) એ ઉમેર્યું, “પરિણામો અમારી શૈક્ષણિક કુશાગ્રતા ની સ્વ- ઘોષણા કરે છે. આ વર્ષના JEE એડવાન્સ્ડમાં, ટોચના ૧૦ રેન્કર્સમાંથી પાંચ નારાયણાના વિદ્યાર્થીઓ છે, જેમણે ૩, ૪, ૬, ૭ અને ૧૦ ક્રમ મેળવ્યો છે. વધુમાં, ટોચના ૧૦૦ રેન્ક ધારકોમાંથી ૪૩ અમારા વિદ્યાર્થીઓ છે. આ શિક્ષણ પ્રણાલીમાં સૌથી મજબૂત શૈક્ષણિક પાયો પૂરો પાડવાની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે.

### હાજરી અંગે વિવાદ વચ્ચે હવે અત્યાધુનિક હાજરી સિસ્ટમનો અમલ શરૂ કરવાની દિશામાં તૈયારીઓ

# વડોદરા કોર્પોરેશનના સફાઈ કામદારો સહિત તમામ કર્મચારીઓ માટે એઆઇ બેઝ્ડ હાજરીનો અમલ કરશે

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૧ ।

વડોદરા કોર્પોરેશનમાં કર્મચારીઓની હાજરી અંગે વિવાદ વચ્ચે હવે અત્યાધુનિક હાજરી સિસ્ટમનો અમલ શરૂ કરવાની દિશામાં તૈયારીઓ હાથ ધરી છે. જે અંતર્ગત છેં (જીઓ ફેન્સીંગ) બેઝ્ડ એટેન્ડન્સ (હાજરી) સિસ્ટમ શરૂ કરવા તરફ પગલું ભરવામાં આવ્યું છે. આ માટે ટેન્ડર મંગાવવામાં આવ્યા છે અને તારીખ ૧૪ જુલાઈ સુધી ટેન્ડર ભરી શકાશે.

પાલિકામાં કર્મચારીઓની હાજરી અંગે વારંવાર વિવાદ થાય છે. અનેક વખત એવી બાબતો સપાટી પર આવી છે કે, કર્મચારીઓ હાજરી પુરાવીને ઓફિસે હાજર ન હોય અને પોતાના અન્ય અંગત કામમાં વ્યસ્ત હોય. જેને કારણે નાગરિકોના પ્રશ્નો અને ઓફિસ કામને તેની ખૂબ ગંભીર અસર થતી હોય છે. ત્યારે હવે અલગ-અલગ તબક્કામાં વિવિધ હાજરી અંગેના અખતરાઓ કર્યા બાદ હવે કોર્પોરેશન એઆઈ (જીઓ ફેન્સીંગ) બેઝ્ડ એટેન્ડન્સ (હાજરી) સિસ્ટમ શરૂ કરવાની દિશામાં કાર્યવાહી કરી રહ્યું છે.

આ માટે પાલિકાએ ઓનલાઈન ટેન્ડર રજૂ કરી તે માટે ઓફર મંગાવી છે. જેનું બીડ ભરવાની અંતિમ તારીખ ૧૪ જુલાઈ છે. હજુ કોઈ પણ ઈજારદારે આમાં હજુ રસ દાખવ્યો નથી પરંતુ છેલ્લા દિવસે કેટલા ઈજારા આવે છે? તેના પર આ અંગેનો આગામી નિર્ણય લેવાઈ શકે છે.

## વડોદરા કોર્પોરેશનની મુખ્ય કચેરી સંકુલમાંથી દારૂની ખાલી બોટલો મળતા ચકચાર

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૧ ।

ગુજરાતમાં જ્યારે દારૂબંધી છે ત્યારે પાલિકાના ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ, મેયર મ્યુ. કમીશનરની ઓફિસો નીચેના માર્કેટ સંકુલમાંથી દારૂની ખાલી બોટલો મળી આવી છે. જે ખંડેરાવ માર્કેટમાં દારૂની મહેફિલો જામતી હોવાનો પુરાવો હોવાનું નકારી શકાતું નથી. ઉલ્લેખનીય છે કે ખંડેરાવ માર્કેટ સ્થિત પાલિકાની કચેરીમાં શહેરના પ્રથમ નાગરિક મેયર, સ્થાયી અધ્યક્ષ, મ્યુ. કમિશનર સહિતના અનેક ઉચ્ચ પદાધિકારીઓ-અધિકારીઓ પોતપોતાની ફરજ અંગે દિવસ દરમિયાન બિરાજિત થતા હોય છે.

જ્યારે બીજી બાજુ ખંડેરાવ માર્કેટ સંકુલમાં બનાવવામાં આવેલ બગીચામાંથી દારૂની અસંખ્ય ખાલી બોટલો મળી આવી છે. આમ પાલિકા સંકુલમાં શરાબની મહેફીલો જામતી હોવાની શક્યતા નકારી શકાતી નથી. જો આ બાબતે ખાનગી રહે તપાસ કરવામાં આવે શક્યતા નકારી શકાતી નથી. જો હકીકતમાં આવી કોઈ દારૂની મહેફિલ જામતી હોય તો એ અંગે જવાબદાર કોણ એ પણ એક સવાલ છે?

## નર્મદા નદી પર પોઇચા નજીક રંગ સેતુ પુલ ભારે વાહનોની અવરજવર માટે બંધ

। પ્રતિનિધિ, નર્મદા, તા.૧૧ ।

નર્મદા નદી પર પોઈચા ગામ પાસે ડભોઈ-સેગવા-રાજપીપળા રોડ પર આવેલા રંગ સેતુ પૂલને ભારે વાહનોના ટ્રાફિક માટે બંધ કરવામાં આવ્યો છે. આ માટેનું જાહેરનામું કલેકટરે પ્રસિદ્ધ કર્યું છે. રંગસેતુ પૂલની નબળી હાલત હોવાથી આ નિર્ણય લેવામાં આવેલો છે. જ્યાં સુધી બ્રિજની ક્ષમતાની ચકાસણી ન થાય અને લોડટેસ્ટ કરવામાં ન આવે ત્યાં સુધી આ બ્રિજ ભારે વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો છે. આ બ્રિજ બંધ થતાં વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવા જણાવ્યું છે.જેમાં વડોદરાથી રાજપીપળા જતા ભારદારી વાહનોએ અવરજવર કરવા માટે વડોદરા-ડભોઈ-તિલકવાડા-દેવલીયા ચોકડી-ગરુડેશ્વર-રાજપીપળા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. સેગવા ચોકડીથી રાજપીપળા જતા ભારે વાહનોએ અવરજવર કરવા સેગવા-ડભોઈ-તિલકવાડા-દેવલિયા ચોકડી-ગરુડેશ્વર-રાજપીપળા રસ્તાનો ઉપયોગ કરવા જણાવ્યું છે. વડોદરા જિલ્લામાં સિનોર અને નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાને જોડતો પોઈચા બ્રિજ કે જે રંગ સેતુ બ્રિજ તરીકે પણ ઓળખાય છે. જેનું લોકાર્પણ વર્ષ ૨૦૦૫માં કરવામાં આવ્યું હતું. અગાઉ આ બ્રિજ વર્ષ ૨૦૧૫-૧૬ માં ક્ષતિ સર્જાતા વાહન વ્યવહાર બંધ કરાવ્યો હતો. બાદમાં બ્રિજનું સમારકામ ૧૦ કરોડના ખર્ચે કરવામાં આવ્યું હતું, રીપેરીંગ કામ છ મહિના ચાલ્યું હતું. બ્રિજનું નિર્માણ કરનાર કંપની ગેમન ઈન્ડિયા અને સરકારના જે તે સમયના અધિકારીઓ સામે પણ આક્ષેપો ઉઠ્યા હતા. વર્ષ ૨૦૨૧ માં ભૂકંપની અસરથી પૂલને નુકસાન થતાં ફરી ભારદારી વાહનો માટે બંધ કરી ૧.૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. અત્યારે પણ બ્રિજની હાલત ખખડધજ છે. માત્ર ૨૦ વર્ષમાં જ બ્રિજ જર્જરીત બની ગયો છે. આ બ્રિજ પર ભારદારી વાહનોની અવરજવર વધુ હોવાથી સરકારે ૨૫૨ કરોડના ખર્ચે નવો બ્રિજ બનાવવા મંજૂરી આપી છે.






## તંત્રી લેખ...

# ઓપરેશન ઓલઆઉટ

જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસ મોટા પાયે કરવામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા ઓપરેશન ઓલઆઉટના પરિણામસ્વરૂપે એકપછી એક મોટી સફળતા હાથ લાગી રહી છે. તમામ કુખ્યાત ત્રાસવાદી સંગઠનોની કમર તુટી ચુકી છે. હવે ત્રાસવાદીઓ તેમના અસ્તિત્વની લડાઇ લડી રહ્યા છે. જમ્મુકાશ્મીરમાં સક્રિય ત્રાસવાદી સંગઠન હિઝબુલ મુજાહીદ્દીન અને લશ્કરે તોયબાના તમામ ટોપના ત્રાસવાદીઓ ફુંકાઇ ચુક્યા છે. આ ઓપરેશન હેઠળ માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટક પણ કબજે કરવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે ૨૦૦થી વધારે ત્રાસવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. આ વર્ષે પણ મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ માર્યા ગયા છે. જેમા પોસ્ટર બોય ટાઇગરનો પણ સમાવેશ થાય છે. બુરહાન વાની ગેંગનો સફાયો કરવામાં આવ્યો છે. જો કે જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવા અને લોકોમાં આત્મવિશ્વાસ ભરવા માટે અનેક પગલાની જરૂર છે. સામાન્ય લોકો સુરક્ષા દળો અને સેનાની પૂરતી મદદ કરે તે જરૂરી છે. સ્થાનિક ત્રાસવાદીઓને રક્ષણ અને આશ્રય આપવાના બદલે તેમના સંબંધમાં ગુપ્ત માહિતી સુરક્ષા દળોને માહિતી આપે તે જરૂર છે. ત્રાસવાદ સામેની લડાઇમાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા નાગરિકોની રહે છે. જો તમામ સતર્ક અને સાહસી તરીકે રહેશે તો ત્રાસવાદને પગ ફેલાવવાની તક મળશે નહી. દુનિયાની તમામ સરકાર, નેતા, ત્રાસવાદની સામે એક થઇ રહ્યા છે. એક થઇને જ ત્રાસવાદનો અંત લાવી શકાય છે. લોકો હુમલા બાદ નારાજગી પ્રગટ કરવા માટે આગળ આવે છે તેને ત્રાસવાદની હાર તો કહી શકાય છે પરંતુ ત્રાસવાદનો ખાતમો બાકી છે. આના માટે સમગ્ર માનવતા એક થાય તે જરૂરી છે. ત્રાસવાદને જીવિત રાખનાર, તેમને મદદ કરનાર. તેમને આશ્રય આપનાર દેશોની સામે પણ પગલા લેવા પડશે. સ્લીપર સેલને નષ્ટ કરવાની દિશામાં પગલા લેવા પડશે. ત્રાસવાદને મદદ કરનાર કોઇ પણ વ્યક્તિ, સંગઠન અથવા તો દેશ કેમ ન રહે તેની સામે સંયુક્ત યુદ્ધ છેડી દેવાની જરૂર છે. જો આવુ કરવામાં નહી આવે તો કઠોર પ્રતિક્રિયા, થવા તો લશ્કરી કાર્યવાહીથી ત્રાસવાદીઓ થોડાક દિવસ તો શાંત રહી શકે છે પરંતુ ફરી કોઇને કોઇ જગ્યાએ હુમલો કરીને રક્તપાત સર્જી દેશે. ભારત, અમેરિકા, ફ્રાન્સ, બ્રિટન ત્રાસવાદીઓના હિટલિસ્ટમાં રહ્યા છે. તેમને દુનિયાના અન્ય દેશોની સાથે મળીને પોતાની ગુપ્તચર વ્યવસ્થાને સુધારી દેવા, સુરક્ષા દળોને આધુનિક કરવા અને ત્રાસવાદી સંગઠન પર કાર્યવાહી ની યોજના બનાવવી પડશે. જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદી હુમલાની વાત હવે સામાન્ય બની ચુકી છે. ત્રાસવાદી હુમલોનો બનાવ જે કોઇ પણ હોય પરંતુ મોટો પ્રશ્ન એ થાય કે તે હુમલાને અમે કઇ રીતે હાથ ધરીએ છીએ. આ અમારી નબળાઇ છે કે આવી ત્રાસવાદી ઘટનાને હાથ ધરતી વેળા અમે ત્રાસવાદીઓને જીવિત પકડી પાડવાના પ્રયાસ કરતા નથી.

# ફુડ પ્રોડક્શન મેનેજરનો પણ ક્રેઝ

આધુનિક સમયમાં સપ્તાહમાં એક અથવા તો વધુ વખત ઘરની બહાર હોટેલ અને રેસ્ટોરન્ટમાં ભોજન કરવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. આવી સ્થિતીમાં ફુડ સાથે સંબંધિત કોર્સમાં જોડાઇને શાનદાર કેરિયર પણ બનાવી શકાય છે. આ ફુડ ક્ષેત્રે પણ અનેક લોકો તેમની કેરિયરને લોકપ્રિયતાની ચરમસીમા પર લઇ ગયા છે. સારા ફુડ પ્રોડકશન મેનેજરની પણ ભારે માંગ હવે જોવા મળી રહી છે. ફુડ પ્રોડક્શન મેનેજરની કેરિયર સ્વાદ સાથે જોડાયેલી છે. જો તમને જુદા જુદા પ્રકારના સ્વાદિષ્ટ ભોજનમાં વધારે રસ છે તો આ કેરિયરમાં આગળ વધી શકાય છે. સફળ કેરિયર આમાં પણ બને છે. એક ફુડ પ્રોડક્શન મેનેજર ખાસ પ્રકારના ભોજન તૈયાર કરવાના તમામ પાસાથી સંપૂર્ણ વાકેફ હોય છે. આવી સ્થિતીમાં આ યુવાનો જેમનો રસ કેટરિંગ, ભોજન, બનાવવામાં અને ખાસ પ્રકારની ડીસ બનાવવામાં વધારે છે તે યુવાનો આ ક્ષેત્રે આગળ વધી શકે છે. ઇન્ડિયન, કોન્ટિનેન્ટલ, ચાઇનીજ અને અન્ય ઇન્ટરનેશનલ ભોજન બનાવવામાં રસ ધરાવે છે તે તમામ લોકો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયર બાનાવી શકે છે. છેલ્લા કેટલાક સમયમાં જે રીતે હોટેલ એન્ડ હોસ્પિટાલિટી ઇન્ડસ્ટ્રીઝમાં ગ્રોથ થયો છે તેના કારણે હોટેલ ઇન્ડસ્ટ્રીઝના પ્રોફેશનલોની માંગમાં તીવ્ર વધારો થયો છે. ઇન્ડિયા બ્રાન્ડ ઇક્વિટીના કહેવા મુજબ વર્ષ ૨૦૧૫-૧૬માં ભારત આવનાર વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં આશરે સાડા સાત ટકાનો વધારો થયો છે. મોટા શહેરો સિવાય નાના નાના શહેરોમાં પણ હોટેલ અને રેસ્ટોરન્ટ ખુલી રહ્યા છે. આવી સ્થિતીમાં પોતાના કામમાં કુશળતા ધરાવતા પ્રોફેશનલ લોકોની માંગમાં તીવ્ર વધારો થયો છે. હોટેલ ઇન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા કેટલાક ખાસ કોર્સ દેશના જુદા જુદા ભાગોમાં ચાલે છે. આમાંથી એક કોર્સ ફુડ પ્રોડક્શન માટે પણ છે. જો તમને ભોજન બનાવવામાં વધારે રસ છે તો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયરને આગળ વધારી દેવાની સારી તક રહેલી છે. જાણકાર લોકોના કહેવા મુજબ સ્વાદની દુનિયાની કલાને સિખવાડવા અને તેને વધારે સારી બનાવવા માટે કેટલીક સંસ્થાઓ મદદ કરે છે. પ્રવેશ મેળવી લેવા માટે અભ્યાસ કરનાર દાવેદાર દસમાં અથવા તો ૧૨ ધોરણમાં પાસ થયેલી રહે તે જરૂરી છે. દસમાં ધોરણમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ ડિપ્લોમાં અને ૧૨માં ધોરણને પાસ કરી ચુકેલા વિદ્યાર્થીઓ ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકે છે.



### ૩.૭ લીટર પાણી પુરૂષ, ૨.૭ લીટર પાણી મહિલા રોજ પીવે તે જરૂરી

**પાણીની કમી થવાની સ્થિતિમાં એલર્જી થવાનો ખતરો વધે છે ફેફસામાં ઇન્ફેક્શન, અસ્થમા અને આંતરડાની બિમારીને દુર કરે છે શરદી, ગરમી અને કિડનીની બિમારીથી પણ બચાવે છે આના કારણે લોહીમાં પાણીનુ પ્રમાણ ઘટી જાય છે**

# પાણીની કમીથી એલર્જીની શંકા છે

**પાણીને પાંચ મિનિટ સુધી તેજ આગ પર ઉકાળી લેવાથી હાનિકારક જીવાણુ સંપૂર્ણપણે નષ્ટ થઇ જાય છે : પાણી શરીર માટે ઉપયોગી છે**

પાણીમાં કેટલીક વખત જીવાણુની સાથે ઝેરી તત્વો પણ મિક્સ થઇ જાય છે. આના કારણે બિમારી થઇ શકે છે. દર વર્ષે ૨૨મી માર્ચના દિવસે વિશ્વ જળ દિવસની ઉજવણી કરવામાં આવે છે. દુષિત પાણીના કારણે કેટલીક બિમારી ફેલાઇ જાય છે. શરીર માટે પાણી કેમ જરૂરી છે તેને લઇને હમેંશા પ્રયોગ થતા રહ્યા છે. પુરતા પ્રમાણમાં શરરીમાં પાણી હોવાના કારણે શરીરમાં ચુસ્તી અને ઉર્જા બનેલી રહે છે.

થાકનો અનુભવ થતો નથી. દુષિત તત્વો યુરિન અને પરસેવા તરીકે શરીરની બહાર નિકળે છે. આના કારણે શરીરમાં ફાઇબર સારી રીતે અવશોષિત થઇ જાય છે. આના કારણે રોગ પ્રતિકારક ક્ષમતા વધે છે અથવા તો ઇમ્યુનિટી પાવર વધી જાય છે. તે જોડમાં લુબ્રિકેશનને વધારે છે. વજન આના કારણે નિયંત્રિત રહે છે. પાણીની કમી થવાની સ્થિતીમાં એલર્જી થવાનો ખતરો વધે છે. ફેફસામાં ઇન્ફેક્શન, અસ્થમા અને આંતરડાની બિમારીને દુર કરે છે. શરદી, ગરમી અને કિડનીની બિમારીથી પણ બચાવે છે. આના કારણે લોહીમાં પાણીનુ પ્રમાણ ઘટી જાય છે. બ્લડ પ્રેશર વધી જાય છે. આ ઉપરાંત પાણીમાં અનેક પ્રકારના મિનરલ હોય છે. જે કેટલાક રોગથી બચાવે છે. દુષિત પાણીમાં વાયરસ હોવાન કારણે કમળા સહિતના કેટલાક રોગ થઇ શકે છે. પાણીમાં કેટલીક ચીજો મિક્સ હોય છે. પાણીમાં આર્સેનિક ફ્લોરાઇડ, કેડમિયમ, લેડ, મરકરી, નિકોલ, સિલ્વર, લોખંડ અને મેગનીજ, કેલ્શિયમ , બોરિયમ, ક્રોમિયમ અને કોપર હોય છે. જેવા હેવી મેટલની સાથે સાથે નાઇટ્રેટ, સ્લફેટ, બોરેટ અને કાર્બોનેટ જેવા લવણ પણ મિક્સ કરેલા હોય છે. આના કારણે આંતરડામાં બળતરા, લોહીની કમી, કેન્સર, સ્ટ્રોક, હાર્ટ સાથે સંબંધિત રોગ, ગરદન તેમજ અન્ય કેટલીક બિમારી થાય છે. પાણીને શુદ્ધ કરવા માટે સૌથી પહેલા પાંચ મિનિટ સુધી તેને તેજ આગ પર ગરમ કરવામાં આવે છે. જેના કારણે તેમાં હાનિકારક તત્વો નષ્ટ થઇ જાય છે. ક્લોરીનની ૧૬ બુન્દથી ચાર લીટર પાણી શુદ્ધ થઇ શકે છે.

૨૦ લીટર પાણીમાં ક્લોરીનની એક બુન્દ નાંખીને તેને એક કલાક બાદ ઉપયોગમાં લઇ શકાય છે. પહેલા પીવાની બાબત યોગ્ય નથી.જનરલ ડાયાબિટીશ કેરમાં ફ્રાંસના અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જે લોકો એક દિવસમાં બે ગ્લાસ અથવા તો તેનાથી પણ ઓછું પાણી પીવે છે તે લોકોમાં હાઇ બ્લડ સુગરનું સ્તર જોવા મળે છે. તેના કારણે આ પ્રકારના



લોકો ડાયાબિટીશથી ગ્રસ્ત થઈ શકે છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે બે ગ્લાસથી ઓછું પાણી પીનાર લોકોમાં ડાયાબિટીશનો ખતરો વધી જાય છે. ૩૬૧૫ પુખ્તવયના લોકોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે વોટર થેરાપી ખૂબ જ ઉપયોગી છે. ૩૦થી ૬૫ વર્ષની વયના લોકોને આવરી લઈને આ અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. અભ્યાસની શરૂઆતમાં આ તમામ લોકોમાં સામાન્ય બ્લડ સુગરની સપાટી હતી. નવ વર્ષના અભ્યાસના ગાળા બાદ અભ્યાસના ભાગરૂપે રહેલાં ૫૬૫ લોકોને હાઈ બ્લડ સુગરની તકલીફ જોવા મળી હતી અને ૨૦૨ લોકોમાં ટાઈપ-૨ ડાયાબિટીશની અસર દેખાઈ હતી. દરરોજ બે ગ્લાસથી ઓછું પાણી પીનાર લોકોમાં હાઈ બ્લડ સુગર થવાની શક્યતા ૨૮ ટકા ઓછી છે. જે લોકોએ આનાથી પણ ઓછું પાણી પીવે છે તે લોકોમાં ખતરો વધારે છે. આ જોખમ હાર્મોન સાથે સીધી રીતે સંબંધિત છે. આનો મતલબ એ થયો કે મોટાપ્રમાણમાં પાણી ખૂબ જ ઉપયોગી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે શરીરમાં ૬૦ ટકા હિસ્સા પાણીમાં છે. તે કુલ વજનના ૯૦ ટકાની આસપાસ હોય છે. નિષ્ણાંતો કહે છે કે દરેક પુરૂષને ૩.૭ લીટર પાણી અને દરેક મહિલાને ૨.૭ લીટર પાણીની દરરોજ જરૂર હોય છે.



### કામની વાત : માત્ર એક સખ્ત ઇરાદાથી વ્યક્તિ ખોટી ટેવ છોડે છે...

**ખરાબ ટેવને સરળતાથી છોડી શકાય છે પરંતુ આના માટે મજબુત ઇચ્છાશક્તિની જરૂર હોય છે એક કઠોર અને સખ્ત નિર્ણય આ ટેવ આપને છોડાવી શકે છે શરાબની ખોટી ટેવને સરળતાથી છોડી શકાય છે**

# મજબુત ઇરાદાથી શરાબ છોડી શકાય

**મજબુત ઇચ્છાશક્તિ હોય તો શરાબની ટેવને છોડી શકાય છે : મન પર નિયંત્રણ પણ ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે : પારિવારિક સમર્થન જરૂરી**

દેશમાં જુદા જુદા રાજ્યો અને શહેરોમાં મોટી સંખ્યામાં લોકો શરાબની ટેવથી ગ્રસ્ત છે. આ લોકોના પરિવારના સભ્યો પણ તેમની આ પ્રકારની ટેવના કારણે દુખી થયેલા છે. તેમની સાચવણીની કામગીરી પરિવાર માટે પણ મુશ્કેલરૂપ હોય છે. જુદા જુદા સામાજિક પ્રસંગોમાં પણ આ પ્રકારના શરાબ પિવાની ટેવ ધરાવતા લોકો હમેંશા પ્રસંગની મજા બગાડી નાંખે છે. આના કારણે પરિવારના લોકોને અપમાનિત થવાની સ્થિતીનો સામનો કરવો પડે છે.

ઘરમાં પણ શરાબ પીનાર લોકોના પરિવાર પર આની અસર થાય છે. એમ કહેવામાં આવે છે કે જુની ટેવ ખુબ મુશ્કેલથી છુટે છે. પરંતુ આનો મતલબ એ નથી કે જુની અને ખરાબ ટેવને છોડી શકાય નહી. ખરાબ ટેવને સરળતાથી છોડી શકાય છે પરંતુ આના માટે મજબુત ઇચ્છાશક્તિની જરૂર હોય છે. એક કઠોર અને સખ્ત નિર્ણય આ ટેવ આપને છોડાવી શકે છે. શરાબની ખોટી ટેવને સરળતાથી છોડી શકાય છે. શરાબની ખોટી ટેવને છોડી દેવા માટે એક મજબુત ઇચ્છાશક્તિની જરૂર હોય છે. જો મજબુત ઇરાદા સાથે આગળ વધવામાં આવે તો મંજિલ નજીક દેખાઇ શકે છે. વિલ પાવરને અથવા તો ઇચ્છાશક્તિને મજબુત કરવાની સૌથી પહેલા જરૂર રહે છે. જો વિલ પાવર



મજબુત રહેશે તો જ આની સામે લડત મેળવી શકાય છે. કેટલીક દેશી અને વિદેશી શોધમાં આ વાત નિકળીને સપાટી પર આવી છે કે મન પર નિયંત્રણ કરીને આપને જુની ટેવ છોડવામાં મદદ મળી શકે છે. જ્યારે પણ શરાબની તલબ લાગે છે ત્યારે અન્ય ચીજોનો ઉપયોગ કરવામાં આવી શકે છે. અન્ય ખરાબ ટેવને છોડવા માટે ધીમે ધીમે પ્રયાસ કરવા જોઇએ. કોઇ ટેવને છોડવા માટે તબક્કાવાર રીતે પ્રયાસો હાથ ધરવા જોઇએ. એકદમ બંધ કરી દેવાથી નુકસાન થઇ શકે છે. કારણ કે નશાની શરીરને ટેવ પડેલી હોય છે. જેથી એકદમ છોડી દેવાની સ્થિતીમાં તે વધારે અસર કરી શકે છે. આડ અસર કરી શકે છે. નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરાબના કારણે અન્યોને નુકસાન થાય છે. આપની આસપાસના લોકો અને બાળકોને પણ નુકસાન થાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શરાબ અનેક બિમારીને આમંત્રણ આપે છે. જેમાં કેન્સર જેવી જીવલેણ બિમારી પણ સામેલ છે. અભ્યાસમાં જાણવામાં આવ્યું છે કે આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકો પર માઠી અસર થાય છે. આ પ્રકારની શરાબની ટેવથી કેટલીક ગંભીર પ્રકારની આરોગ્યની તકલીફ ઊભી થાય છે. તે પ્રકારના તારણો પહેલાંથી જ બહાર આવી ચૂક્યા છે. હવે નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે શરાબની ટીનેજરો ઉપર માઠી અસર થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે નાના બાળકો ધરાવતા માતાપિતા પૈકીના ઘણા માતાપિતા બાળકો ઘરે અભ્યાસ કરે છે ત્યારે અથવા તો રમતા હોય છે ત્યારે ઘરમાં શરાબ સેવન કરે છે. આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકોનું સ્કૂલમાં વર્તન પણ અશાંત રહે છે. શિક્ષણમાં પણ નબળા હોય છે. ભણવામાં નબળા હોવાના કારણો જાણવા મળ્યા નથી. તારણોમાં જણાવવામાં આવ્યું છે કે આરોગ્યની ઘણી સમસ્યાઓ શરાબના લીધે ઊભી થાય છે. અસ્થમા, હાર્ટના રોગ, ફેંફસાના કેન્સર સહિતના ઘણા ગંભીર રોગ શરાબની ટેવના કારણે થાય છે તેવા અહેવાલ પહેલેથી જ આવી ચૂક્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જો કોઈ વ્યક્તિને શરાબ પીવાની ટેવ પડી ગઈ છે તો સૌથી પહેલાં તેને છોડી દેવાના પ્રયાસ કરવા જોઈએ. અલબત્ત આમા સમય લાગી શકે છે પરંતુ ત્યાં સુધી તેની આડ અસરથી બચી શકાય છે. ડૉ. વિજય કે એસ શુક્લાનું કહેવું છે કે શરાબનો ઉપયોગ કરવાથી કેન્સર, હાર્ટના રોગ, ડાયાબિટીશ, સ્ટ્રોક, કોલ્ડ અને કફ જેવી તકલીફ થઈ શકે છે. સામાન્ય રીતે આ તમામ તકલીફો શરાબના વધારે પડતા ઉપયોગ અને પોષક તત્ત્વોનો ઓછો ઉપયોગ કરવાથી થાય છે. શરાબ સેવન પછી શરીરમાં વિટામીન સી અને ઈ, ઝીંક, કેલ્સિયમ, ફલોટ અને ઓમેગા થ્રીની અછત ઊભી થઈ જાય છે. આવી સ્થિતિમાં ખાવા પીવાની ચીજવસ્તુઓ મારફતે આવી ચીજોનો ઉપયોગ કરવામાં આવે તો શરીરને નુકશાન થવાની તકો ઘટી જાય છે. ગુજરાત સહિત દેશના કેટલાક રાજ્યોમાં શરાબ પર પ્રતિબંધ છે. જ્યારે કેટલાક રાજ્યોમાં તો શરાબને છુટછાટ મળેલી છે. જેના કારણે સરકારને મોટી આવક પણ મળે છે. બિહાર અને ગુજરાત જેવા રાજ્યોમાં શરાબ પર વર્ષોથી પ્રતિબંધ છે.

### અમેરિકામાં બાકી વિદ્યાર્થી લોનનો આંકડો ૧.૬ ટ્રિલિયન ડોલર...

# અમેરિકામાં કોલેજ સ્તરે શિક્ષણના ખર્ચ ખુબ વધી ગયા હોવાથી વિદ્યાર્થીઓ મુશ્કેલમાં : ખાનગી લોન આપનારાની સંખ્યા વધી

અમેરિકામાં કોલેજ સ્તરમાં અભ્યાસ કરવાની બાબત ખુબ ખર્ચાળ બની ચુકી છે. જેથી દેશમાં ખાનગી લોન આપવા સાથે સંબંધિત કારોબાર ટોપ પર છે. ઓનલાઇન સર્વે એજન્સી લેન્ડ યુઝ્સના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે અમેરિકામાં ખાનગી વિદ્યાર્થીઓ લોન બજારની રકમ ૧૦ હજાર કરોડ રૂપિયા અથવા તો ૧૦૦ અબજ ડોલર સુધી પહોંચી ગઇ છે.

અમેરિકામાં ખાનગી વિદ્યાર્થી લોન બજારનુ કદ દિન પ્રતિદિન વધી રહ્યુ છે. આવી જ રીતે જે વિદ્યાર્થીઓના નાણાં ચુકવવાના બાકી છે તે વિદ્યાર્થીઓની સંખ્યા વધીને ૧૪ લાખથી ઉપર પહોંચી ગઇ છે. એજન્સીના કહેવા મુજબ આ વર્ષે ખાનગી લોન માટે આવેવી આશરે બે લાખ અરજીઓ પૈકી માત્ર એક તૃતિયાંશ અરજીને જ મંજુરી આપવામાં આવી છે. આંકડા દર્શાવે છે કે ૪.૪ કરોડ કરતા વધારે અમેરિકી વિદ્યાર્થીઓ પર સાત હજાર ખર્વ કરતા વધારે શૈક્ષણિક લોનની ચુકવણી બાકી રહી છે. આંકડા ખુબ જ રોચક અને ચર્ચામાં મુકે તેવા છે. કારણ કે અમેરિકામાં વિદ્યાર્થીઓ પર ૨૫.૬૦ લાખની સરેરાશ વિદ્યાર્થી લોન રહેલી છે. આંકડા એમ પણ દર્શાવે છે કે ૬૦ વર્ષ કરતા ઓછી વયના ૨૬ ટકા યુવા અમેરિકી વ્યસ્ક ખાનગી લોન આપનારના દેવાદાર તરીકે છે. અમેરિકામાં સ્વતંત્ર રીતે વિદ્યાર્થીઓ સ્નાતક કક્ષા સુધી પહોંચી શક્યા નથી. ખુબ ઓછા જ વિદ્યાર્થીઓ એવા છે જે આ સફળતા હાંસલ કરી રહ્યા છે. સર્વે અને અભ્યાસમાં એમ પણ કહેવામાં આવ્યુ છે કે ૭૦ ટકા કરતા વધારે વિદ્યાર્થીઓ અને ખાસ કરીને અમેરિકી વિદ્યાર્થીઓ સ્ટુડન્ટ લોન લઇને સ્નાતક થયા છે. દરેક ચાર વિદ્યાર્થીઓ પૈકી એક અમેરિકી વિદ્યાર્થી આજે સ્ટુડન્ટ લોનની ચુકવણી કરવામાં લાગેલા છે. અમેરિકામાં વિદ્યાર્થી લોન દેવાદારોની સંખ્યા રેકોર્ડ ગતિથી વધી રહી છે. આ સંખ્યા પ્રાથમિક અંદાજ મુજબ ૧૪ લાખ સુધી પહોંચી ગઇ છે. સંખ્યા ઝડપથી વધી રહી છે. અમેરિકામાં ૭૦ ટકા કરતા વધારે વિદ્યાર્થીઓ દેવામાં ડુબેલા છે. અમેરિકાના શિક્ષણને પણ સુધારાની જરૂર દેખાઇ રહી છે. અમેરિકામાં અભ્યાસ કરવા માટે જતા વિદ્યાર્થીઓની સંખ્યા આજે દુનિયામાં સૌથી વધારે છે. અમેરિકામાં અભ્યાસને વિદ્યાર્થીઓ સર્વોચ્ચ પ્રાથમિકતા વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં આપે છે. જો કે આંકડા સાબિત કરે છે કે આ બાબત ચિંતાજનક છે. અમેરિકામાં શિક્ષણ અને ખાસ કરીને કોલેજ સ્તરમાં અભ્યાસમાં ખર્તનો આંકડો રેકોર્ડ સપાટી પર પહોંચી ચુક્યો છે. ડેટા સ્ટોરી ભારે રોચક રહેલી છે. અમેરિકામાં જુદા જુદા માપદંડ શિક્ષણના ક્ષેત્રમાં લાગુ કરવામાં આવ્યા છે. શિક્ષણના ઉંચા સ્ચરના કારણે અમેરિકામા અભ્યાસ કરવાને લઇને તમામમાં ક્રેઝ રહે છે. હજારોની સંખ્યામાં વિદેશી વિદ્યાર્થીઓ પણ શિક્ષણ મેળવી લેવા માટે ઉત્સુક રહે છે. અમેરિકાની જગ્યાએ હવે દુનિયાના અન્ય દેશોમાં પણ લોકો અભ્યાસ માટે જવા લાગી ગયા છે. અમેરિકામાં શિક્ષણ વધારે ખર્ચાળ છે ત્યારે ત્યાંના સ્થાનિક વિદ્યાર્થીઓ પણ શિક્ષણના ચિત્રને ધ્યાનમાં લઇને હવે અન્ય દેશોમાં શિક્ષણ મેળવી લેવા માટે પહોંચી રહ્યા છે. જેમાં ભારત પણ સામેલ છે. ફ્રાન્સ, બ્રિટન, કેનેડા અને ઓસ્ટ્રેલિયા પણ શિક્ષણ મેળવી લેવા માટે મુખ્ય હબ તરીકે ઉભરી રહ્યા છે. ઓન લાઇન સર્વેના તારણ આવ્યા બાદ સ્થાનિક અમેરિકી લોકો શિક્ષણને લઇને દેવામાં ડુબી જવા માટે તૈયાર નથી. અન્ય દેશોમાં આગળ જઇને અભ્યાસ કરી શકે છે. કારણ કે અમેરિકામાં શિક્ષણને લગતી અન્ય બાબતો પણ ખર્ચાળ બની રહી છે. અમેરિકામાં જે રીતે વિદ્યાર્થીઓ દેવામાં ડુબી રહ્યા છે તે જોતા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તો પોતાના ખર્ચને ઉપાડી લેવા માટે કોઇ પણ પ્રકારની નોકરી પણ કરી રહ્યા છે. ગેરકાયદે રસ્તે પણ કેટલાક વિદ્યાર્થીઓ વળી ગયા છે. જો કે તંત્રને ખાનગી લોન માટેના દુષણને રોકી દેવા માટેની દિશામાં પગલા લેવાની જરૂર દેખાઇ રહી છે.





Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# અમરનાથનું શિવલિંગ પીગળી રહ્યું છે, હવે દર્શન થશે કે નહિ!

। શ્રીનગર, તા.૧૧ ।

અમરનાથ દાદાનું શિવલિંગ પીગળી રહ્યું છે. ત્યારે યાત્રાએ જવા માંગતા શ્રધ્ધાળુઓમાં નિરાશા વ્યાપી ગઈ છે. આવનારા દિવસોમાં યાત્રાએ જનારા ભક્તો અસમંજસભરી સ્થિતિમાં છે કે, અમરનાથ યાત્રાએ જવું કે નહિ. તો સાથે જ ટુર ઓપરેટર્સ પણ મૂંઝવણમાં મૂકાયા છે. સૌપ્રથમવાર યાત્રા શરૂ થયાના સાત જ દિવસમાં શિવલિંગ પીગળી ગયું છે. હવે માત્ર રક્ષાબંધન સુધી યાત્રા ચાલુ રહી શકે તેવી સ્થિતિ છે. પવિત્ર શ્રાવણ માસ પહેલા જ શિવલિંગ પીગળી જતાં આવનારા દિવસોમાં યાત્રાએ જવાનું આયોજન કરનારા ભક્તો અસમંજસભરી સ્થિતિમાં મુકાયા છે. પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારે સુરક્ષા વચ્ચે શરૂ થયેલી અમરનાથ યાત્રા અંગે નવી ચિંતાઓ ઉભી થઈ છે. એવા અહેવાલો છે કે બરફમાંથી કુદરતી રીતે બનતું પવિત્ર શિવલિંગ ઝડપથી પીગળી રહ્યું છે, જેના કારણે યાત્રાળુઓમાં વહેલી તકે દર્શન કરવા માટે ધસારો જોવા મળી રહ્યો છે. જોકે, આંકડા દર્શાવે છે કે અત્યાર સુધીમાં ૧૭ હજારથી વધુ લોકોએ શિવલિંગના દર્શન કર્યા છે. ઝડપથી પીગળવાની બાબતએ યાત્રાળુઓથી લઈને સ્થાનિકો સુધી બધાને આશ્ચર્યચકિત કર્યા છે.ખાસ વાત એ છે કે કાશ્મીર ખીણમાં તીવ્ર ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે. શ્રી અમરનાથ શ્રાઈન બોર્ડના અધિકારીઓ કહે છે કે હવે તેમણે અનુમાન લગાવવાનું બંધ કરી દીધું છે કે શિવલિંગ કેટલો સમય રહેશે.

## બિહાર, ઝારખંડ અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાં ઉચ્ચ પ્રજનન દર ચાલુ છે

# ભારતની વસ્તી લગભગ ૧.૪૬ અબજ થઈ ગઈ પરંતુ પ્રજનન દર ઘટી રહ્યો છે : યુએન રિપોર્ટ

**૧૧ જુલાઈને વિશ્વ વસ્તી દિવસ તરીકે ઉજવવામાં આવે છે અને આ પ્રસંગે ભારતની વસ્તી સંબંધિત યુએનનો એક અહેવાલ પણ આવ્યો છે જેમાં મહત્વપૂર્ણ આંકડા જાહેર કરવામાં આવ્યા છે**

। નવીદિલ્હી, તા.૧૧ ।

સંયુક્ત રાષ્ટ્ર વસ્તી ભંડોળના અહેવાલ મુજબ, ભારત ૨૦૨૫ સુધીમાં ૧૪૬ કરોડની અંદાજિત વસ્તી સાથે સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ રહેશે. દેશની યુવા વસ્તી મહત્વપૂર્ણ રહે છે, જેમાં ૦ થી ૧૪ વર્ષની વય જૂથના ૨૪ ટકા લોકો અને ૧૫ થી ૬૪ વર્ષની વય જૂથના ૬૮ ટકા લોકોનો સમાવેશ થાય છે. બિહાર, ઝારખંડ અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાં ઉચ્ચ પ્રજનન દર ચાલુ છે, જ્યારે દિલ્હી, કેરળ અને તમિલનાડુમાં પ્રજનન દર રિપ્લેસમેન્ટ સ્તરથી નીચે છે.૧૧ જુલાઈને વિશ્વ વસ્તી દિવસ તરીકે ઉજવવામાં આવે છે અને આ પ્રસંગે ભારતની વસ્તી સંબંધિત યુએનનો એક અહેવાલ પણ આવ્યો છે જેમાં મહત્વપૂર્ણ આંકડા જાહેર કરવામાં આવ્યા છે. ભારત ૨૦૨૫ સુધીમાં અંદાજિત ૧.૪૬ અબજ લોકો સાથે સૌથી વધુ વસ્તી



ધરાવતો દેશ રહેશે. જોકે, દેશનો કુલ પ્રજનન દર ૨.૧ થી ઘટીને ૧.૯ થઈ ગયો છે. સંયુક્ત રાષ્ટ્ર વસ્તી ભંડોળએ પ્રકાશિત કરેલા તાજેતરના અહેવાલમાં આ માહિતી આપી છે. ૨૦૨૫ ના વિશ્વ વસ્તી આંકડા અહેવાલ દર્શાવે છે કે વાસ્તવિક કટોકટી વસ્તીના કદમાં નથી, પરંતુ લોકોના સ્વતંત્ર અને જવાબદારીપૂર્વક નિર્ણય લેવાના અધિકાર સામેના વ્યાપક પડકારોમાં છે કે તેઓ બાળકો ઈચ્છે છે કે નહીં, તેઓ ક્યારે ઈચ્છે છે અને તેઓ કેટલા બાળકો ઈચ્છે છે.

યુએન રિપોર્ટનો અંદાજ છે કે "ભારતની વર્તમાન વસ્તી ૧,૪૬૩.૯ મિલિયન છે." અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, "ભારત હવે વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે, જેની વસ્તી લગભગ ૧.૫ અબજ છે. આ સંખ્યા ઘટતા પહેલા લગભગ ૧.૭ અબજ થવાની ધારણા છે."

ભારતમાં કુલ પ્રજનન દર હાલમાં પ્રતિ મહિલા ૨.૦ બાળકો છે. આનો અર્થ એ થયો કે ભારતમાં એક મહિલાને તેના પ્રજનન વર્ષો દરમિયાન (સામાન્ય રીતે ૧૫-૪૯ વર્ષની ઉંમર) સરેરાશ ૨ બાળકો થવાની અપેક્ષા છે. સેમ્પલ રજીસ્ટ્રેશન સિસ્ટમના ૨૦૨૧ ના અહેવાલ મુજબ, આ દર ૨૦૨૦ થી સ્થિર રહ્યો છે.

જોકે, નવા અહેવાલ દર્શાવે છે કે પ્રજનન દર ઘટીને પ્રતિ મહિલા ૧.૯ બાળકો થઈ ગયો છે. આનો અર્થ એ થયો કે સરેરાશ ભારતીય મહિલાઓ એટલા ઓછા બાળકો પેદા કરી રહી છે કે સ્થળાંતર વિના આગામી પેઢીમાં વસ્તીનું કદ જાળવી રાખવા માટે તે પૂરતું નથી. ધીમા જન્મ દર હોવા છતાં, ભારતની યુવા વસ્તી નોંધપાત્ર રહે છે.

## દિલ્હીમાં લોનની રકમ પરત માંગવા બદલ એક યુવાનની છરીના ઘા મારીને હત્યા કરાઇ

। નવીદિલ્હી, તા.૧૧ ।

૨,૦૦૦ રૂપિયાની લોનના વિવાદ બાદ ઉત્તરપૂર્વ દિલ્હીના જાફરાબાદ વિસ્તારમાં એક સ્થાનિક રહેવાસીએ ૨૩ વર્ષીય યુવાનની છરીના ઘા મારીને હત્યા કરી હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે ઘટનાના થોડા કલાકો પછી આરોપી, તેના મોટા ભાઈ અને તેના પિતાની ધરપકડ કરવામાં આવી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના રાત્રે ૧૨.૧૦ વાગ્યે બની હતી જ્યારે ફરદીને આરોપી આદિલ પાસેથી ઉછીના લીધેલા ૨,૦૦૦ રૂપિયા પાછા માંગ્યા હતા. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, "જાફરાબાદ પોલીસ સ્ટેશનને છરાબાજીની ઘટના અંગે માહિતી મળી હતી અને જેપીસી હોસ્પિટલ પહોંચ્યા પછી, અધિકારીઓને જાણવા મળ્યું કે ફરદીનને તેના પિતા હોસ્પિટલમાં લાવ્યા હતા અને ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો."તેમણે કહ્યું કે પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ફરદીન અને તેનો મિત્ર જાવેદ એક શેરી પાસે ઉભા હતા ત્યારે આદિલ આવ્યો હતો જેણે અગાઉ તેમની પાસેથી ૨,૦૦૦ રૂપિયા ઉછીના લીધા હતા. જ્યારે ફરદીને આદિલ પાસેથી તેના પૈસા પાછા માંગ્યા ત્યારે આદિલ કથિત રીતે ગુસ્સે થઈ ગયો અને છરી કાઢીને બંને યુવાનો પર હુમલો કર્યો. ઘટના પછી તે ભાગી ગયો. પોલીસે જણાવ્યું હતું કે આદિલનો ભાઈ કામિલ અને તેના પિતા શકીલ પણ ઘટનાસ્થળે હાજર હતા.

## ફડણવીસ સરકારે ગણેશોત્સવ ઉત્સવને મહારાષ્ટ્રનો રાજ્ય ઉત્સવ જાહેર કર્યો

। મુંબઇ, તા.૧૧ ।

દેવેન્દ્ર ફડણવીસ સરકારે ગણેશોત્સવ ઉત્સવને મહારાષ્ટ્રનો રાજ્ય ઉત્સવ જાહેર કર્યો છે. અગાઉ, સાંસ્કૃતિક બાબતોના પ્રધાન આશિષ શેલારે આજે રાજ્ય વિધાનસભામાં બોલતા કહ્યું હતું કે આ અંગેની સત્તાવાર જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે. સત્ર દરમિયાન આ માંગણી ઉઠાવનારા ધારાસભ્ય હેમંત રસાનેની વિનંતી પર આ ખાતરી આપવામાં આવી હતી. મહારાષ્ટ્રમાં ગણેશોત્સવની શરૂઆત ૧૮૯૩ માં થઈ હતી. લોકમાન્ય તિલકે ૧૮૯૩ માં ગણેશોત્સવની શરૂઆત કરી હતી અને તેને રાષ્ટ્રવાદ, સામાજિક એકતા, આત્મસન્માન અને પોતાની ભાષા અને સંસ્કૃતિ પ્રત્યેના પ્રેમના મૂલ્યો સાથે જોડ્યો હતો. શેલારે કહ્યું કે આ તહેવાર આજે પણ તે આદર્શોને જાળવી રાખે છે. તેમણે કહ્યું, "આ ઉત્સવને અવરોધવા માટે કોર્ટમાં ઘણી અરજીઓ દાખલ કરવામાં આવી હતી. જેમાં પોલીસ અને અધિકારીઓને ઉજવણીને મંજૂરી ન આપવાનું સૂચન કરવામાં આવ્યું હતું.મંત્રીએ કહ્યું કે મહાયુતિ સરકારે સફળતાપૂર્વક આવા તમામ અવરોધો દૂર કર્યા છે. સાંસ્કૃતિક ભાવનાના આ પુનરુત્થાનને કારણે, આ તહેવાર હવે મહારાષ્ટ્રના તહેવાર તરીકે ઉજવવામાં આવશે.

## શ્રાવણનો પહેલો સોમવાર ૧૪ જુલાઈએ આવશે જ્યારે છેલ્લો સોમવાર ૪ ઓગસ્ટે આવશે

# શ્રાવણના પહેલા દિવસે । સીએમ યોગી આદિત્યનાથે ગોરખનાથ મંદિરમાં વિધિ સાથે રુદ્રાભિષેક કર્યો

**ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગીએ રાજ્યના લોકોના સુખ, સમૃદ્ધિ અને કલ્યાણ માટે દેવાધિદેવ મહાદેવને પ્રાર્થના કરી । મુખ્યમંત્રી યોગી દ્વારા રુદ્રાભિષેકની આ વિધિ હવન સાથે પૂર્ણ થઈ**

। ગોરખપુર, તા.૧૧ ।

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શ્રાવણ મહિનાના પહેલા દિવસે ગોરખનાથ મંદિરમાં વિધિ સાથે રુદ્રાભિષેક કર્યો. આ દરમિયાન તેમણે ભગવાન શિવને પાણી, દૂધ અને મોસમી ફળોના રસથી અભિષેક કર્યો. મુખ્યમંત્રી યોગીએ રાજ્યના લોકોના સુખ, સમૃદ્ધિ અને કલ્યાણ માટે દેવાધિદેવ મહાદેવને પ્રાર્થના કરી. મુખ્યમંત્રી યોગી દ્વારા રુદ્રાભિષેકની આ વિધિ હવન સાથે પૂર્ણ થઈ. આ શુભ પ્રસંગે મુખ્યમંત્રી યોગીએ તેમના સત્તાવાર ઠ હેન્ડલ પરથી શ્લોક સાથે ચિત્રો અને વિડિઓઝ પોસ્ટ કર્યા. મુખ્યમંત્રી યોગીએ એકસ પર લખ્યું, 'શાંતાકરણ શિખરિશયનમ નીલકંઠ સુરેશમ, વિશ્વધારમ સ્ફટિકદર્શન શુભ્રવર્ણમ શુભંગમ. ગૌરીકાંતમ ત્રિત્યાનયનમ યોગીભિર્ધ્યાનગમ્યન, વંદે શંભુમ ભવભયહરમ



